## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... સી.એ. છું એ સાચું પરંતુ તમે ગમે તેટલો મારશો તો પણ જીએસટી આવ્યા બાદ શું થશે એ નહીં કહી શકું...!!

# કોંગ્રેસ બુથ લેવલ એજન્ટની નિમણુંક કરી મતદારયાદી સુધારણામાં સક્રિય ભૂમિકા ભજવશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી કોંગ્રેસ દ્વારા બુથ લેવલ એજન્ટની નિમણુંક કરી અને તેની જાણ ચૂંટણી પંચને કરવામાં આવશે. આમ નિમણુંક અંગેની કામગીરી પણ ૧૦ દિવસમાં જ કરવામાં આવશે તેવો નિર્ણય આજે મળેલ જિલ્લા કોંગ્રેસની કારોબારીમાં કરવામાં આવ્યો છે.

જિલ્લા કોંગ્રેસની કારોબારીમાં મતદારયાદી સુધારણા ઝુંબેશમાં સક્રિય ભૂમિકા ભજવવામાં આવશે તેમજ પેજપ્રમુખ અને બુથ પ્રભારીની પણ અલગથી નિમણુંક કરી ચૂંટણીની વ્યુહરચનાનુ માઈક્રો પ્લાનીંગ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની કારોબારી બેઠકમાં રાજકીય સ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી એટલુ જ નહિ જે વિકાસના કામોને શરૂ કરવામાં આવ્યા છે તેની જાણકારી ગામના નાનામાં નાના કાર્યકર્તાને મળી રહે તે જોવા માટે પણ સૌને વિશેષ આગ્રહ કરવામાં આવ્યો હતો.

જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠકમાં જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યો બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, જશુભા રાણા, જિ.પ. પ્રમુખ રામાજી ઠાકોર, સેંધાજી ઠાકોર, કિર્તિબેન પટેલ, ઈન્દુબેન રાવલ, ધુળાજી ઠાકોર સહિત તાલુકા-જિલ્લા કોંગ્રેસના પદાધીકારીઓ, તા.પં પ્રમુખો, ચૂંટાયેલા તમામ સદસ્યો, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-સેલ-ડિપાર્ટમેન્ટના પદાધીકારીઓ ઉપસ્થિત રહયા હતા. અને આ વિસ્તૃત કારોબારી બેઠકનું સંચાલન જિલ્લા ઉપપ્રમુખ જગતસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ હતું. તેમજ આભારવિધિ જિલ્લા ઉપપ્રમુખ યાકુબભાઈ મનસુરી દ્વારા કરવામાં આવી હતી. તેવુ આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ છે.

# સિવિલમાં નર્સિંગની ભરતી માટે ૨૦૦થી વધુ ઉમેદવારો ઉમટ્યા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સરકારી આરોગ્યલક્ષી યોજના માટે એન.સી.ડી. સેલ દ્વારા નર્સિંગ સ્ટાફ અને કોમ્પ્યુટર ઓપરેટરની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ગણીગાંઠી જગ્યાઓ માટે ૨૦૦ થી વધુ ઉમેદવારોનો ખડકલો સવારથી જ સંકુલમાં ઉમટી પડ્યો હતો. ત્યારે રાજયમાં શિક્ષિત બેકારો કેટલા છે તે આ ભરતી પરથી ખ્યાલ આવી શકે તેમ છે. કરાર આધારીત ૮ હજારના પગારની કોમ્પયુટર ઓપરેટની ૧ જગ્યા માટે ૧૭ અરજી આવી હતી. જેમાં ૩ અરજી તો એન્જીનિયરીંગનો અભ્યાસ કરી ચુકેલી મહિલા ઉમેદવારોની હતી.

દેશમાં વસ્તી વધારો, ગરીબી તથા બેરોજગારી જેવી પાયાની સમસ્યાઓ હાલના સમયે દેશના અંર્થતંત્રને માટે એક પડકારજનક બની ગઈ છે.આ સમસ્યાઓમાં દિન પ્રતિદિન વધારો થતા જીવજંતુની માફક દેશને અંદરથી કોતરી ખાય છે. અત્યારના સમયે બેરોજગારીનો પ્રશ્ન મહત્વનો બની ગયો છે. રાજયમાં લાખો શિક્ષિત બેરોજગાર રોજગારી માટે આમથી તેમ ભટકી રહ્યા છે. ત્યારે તેનું ઉત્તમ ઉદાહરણ આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નિહાળવા મળ્યું હતું. હોસ્પિટલના એનસીડી સેલ દ્વારા ૧૧ માસના કરાર આધારીત આરોગ્યલક્ષી યોજના માટે નર્સિંગ સ્ટાફ તેમજ કોમ્પ્યુટર ઓપરેટની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારે કરાર આધારીત માસિક ૮ હજારના પગારની કોમ્પ્યુટર



ઓપરેટની એક જગ્યા માટે ૧૭ અરજી આવી હતી. જેમાં ૩ અરજી તો એન્જીનિયરીંગનો અભ્યાસ કરી ચુકેલી મહિલા ઉમેદવારોની હતી. ત્યારે તંત્રના અધિકારીઓ પણ કોમ્પ્યુટર ઓપરેટર જેવી જગ્યા માટે ઉચ્ચ અભ્યાસ કરી ચુકેલી ઉમેદવારોની લાઈન જોતા આશ્ચર્ય પામ્યા હતા. વર્ષો અગાઉ એન્જીનિયરીંગ ક્ષેત્રે નોકરીની વિપુલ તકો ઉપલબ્ધ હતી. જયારે અત્યારે હાલના સમયે કરાર આધારીત નોકરી મેળવવા માટે પણ મુશ્કેલીનો સામનો ઉમેદવારોને કરવો પડી રહ્યો છે.

## સમસ્ત જૈન સમાજના પાકટવયના લગ્નોત્સુક ઉમેદવારોનો પરિચય મેળો યોજાશે

ભારતીય જૈન સંગઠન ગુજરાત દ્વારા આગામી તા.૧૩ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ રાજકોટ મુકામે જૈન પરિચય મિલન નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર દેશમાંથી લગ્ન ઈચ્છુક જૈન સમાજના તમામ ફિરકાના વિધવા, વિધુર તેમજ છુટાછેડા લીધેલા હોય અને ૩૫ વર્ષથી ઉપરની ઉંમરના અપરિણીત યુવક-યુવતિઓ ભાગ લઈ શકશે. આ પરિચય મિલનમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદાવારે પોતાના નામ નોંધાવવા માટેના ફોર્મ ભારતીય જૈન સંગઠન ગાંધીગરના પ્રમુખ આર.ડી.ગાંધી તથા ધવલ શાહનો સંપર્ક કરવા જણાવાયું છે. નામ રજીસ્ટ્રેશન માટે તા. ૧૮-૭-૧૭ છે તેમ સંસ્થાના સેક્રેટરી ધવલ શાહે જણાવ્યું છે.

# તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે આજે તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવમાં મંડળીના સ્થાપના કાળથી અત્યાર સુદીના હોદ્દેદારોનું, નિવૃત્ત શિક્ષકોનું, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શિક્ષકોનું તથા સભાસદ શિક્ષક પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતુ.મંડળીના સોવેનિયર-ડિરેકટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું.



સુવર્ણ જયંતિ મહોત્સવમાં મુખ્ય મહેમાન પદે ડીપીઓ એન.એમ. રાઠોડ ઉપરાંત અન્ય અતિથિઓમાં નાયબ શિક્ષણ નિયામક સંજયભાઈ પરમાર, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ કોદરભાઈ પટેલ, તાલુકા શિક્ષણાધિકારી જિતેન્દ્રભાઈ મોદી, કેળવણી નિરિક્ષક કાંતાબેન ખરાડી તથા સર્વશિક્ષા અભિયાનના એમઆઈએસ જિજ્ઞેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શરાફી મંડળીના પ્રમુખ મનુભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રતાપભાઈ ખાંટ, મંત્રી ભરતભાઈ ગોહિલ ઉપરાંત અન્ય કાર્યવાહક હોદ્દેદારો અને ૮૦૦થી વધુ સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિમોચન કરાયેલ ડિરેકટરીમાં તાલુકાના તમામ પ્રાથમિક શિક્ષકોની સંપૂર્ણ માહિતી આવરી લેવામાં આવી છે.

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા સગપણ સેતુ કાર્યક્રમ સંપન્ન

જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન, ગુજરાત રીજીયન દ્વારા તાજેતરમાં લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓનો પરિચય મેળો ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં મોટીસંખ્યામાં યુવક-યુવતિઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે ગત્ તા.૨૫-૬-૧૭ના રોજ જૈન સોશ્યલ ગૃપ દ્વારા પરિચય મેળાનું આયોજન કરાયું હતું. જેમાં ૪૭૦ થી વધુ યુવક-યુવતિઓ વાલી સહિત હાજર રહ્યા હતા. પરિચય મેળાનું ઉદ્દ્ઘાટન ફેડરેશનના સેક્રેટરી જનરલ લલીતભાઈ યુ.શાહ, વાપી દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે સગપણ સેતુ કાર્યક્મના અતિથિ વિશેષપદે સુરેશભાઈ કોઠારી તથા ગૃપના સ્થાપક પ્રમુખ સુર્યકાંત મહેતા હાજર રહ્યા હતા.

## રવિવારે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજના પીઆઈ-જીઈએસના વર્ગો માટેની ઓરિએન્ટેશન શિબિર

ગાંધીનગરના કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા સેક્ટર-૧૭ ખાતેના કાર્યાલય પર પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ-૨ તથા ગુજરાત એન્જિનીયરીંગ સર્વિસ વર્ગ-૧ અને ૨ માટેના નવા કોર્સ માટે પ્રથમ ઓરિએન્ટેશન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. તા. ૨જી જુલાઈ રવિવારે સવારે ૧૦ કલાકે યોજાશે. પીઆઈ તથા જીઈએસની પ્રિલિમ્સ પરીક્ષા અંગેના કોર્સની વિગતવાર માહિતી, નવી પરીક્ષા પદ્ધતિની સમજણ પુરી પાડવામાં આવશે. કોર્સમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ સમયસર હાજર રહેવા જણાવાયુ છે. ૯ઠ્ઠી જુલાઈથી નિયમિત વર્ગોચાલુ કરવામાં આવશે. ગાંધીનગરના રહેવાસી હોય તેવા ધો-૯ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ આવવા માંગતા હોય તો ફોન નં. ૨૩૨-૨૬૪૪૪૫૨ અથવા ૯૪૨૯૯૭૩૪૫૬ પર સંપર્ક સાધવો.



## એસ.જી. પ્રાથમિક શાળાના ધો-૧ના વિદ્યાર્થીઓ પુનિત વનની મુલાકાતે

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળાના ધો-૧ના બાળકોએ તારીખ ૧૫-૬-૨૦૧૭થી ૨૧-૬-૨૦૧૭ સુધી દરરોજ એક વર્ગે પુનિતવનની મુલાકાત લીધી હતી. ધો-૧ના એ.બી.સી.ડી.ઈ.એફ. એમ બધા જ વર્ગના કુલ ૩૬૦ બાળકોએ સે-૧૯માં આવેલા પુનિતવનની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોએ વિવિધ રમતો રમી હતી તેમજ ત્યાંના પ્રાકૃતિક દશ્યો નિહાળ્યા હતા. બાળકોની સાથે શાળાના શિક્ષકો રહ્યા હતાં.

